eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 188
July 17, 2009

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં અડાજણ ટી.પી. સ્કીમ નં. ૧૨, ફા. પ્લોટ નં .૧૪૩ ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા અદ્યતન સ્પોટર્સ કોમ્પ્લેક્ષ તૈયાર કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૮–૦૭–૦૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૮–૦૭–૦૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન "સ્કૂલ ચિલ્ડ્રન હોલ" ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, ગંગેશ્વર મહાદેવ રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન(વરાછા)ની કામગીરી

સરથાણા જય રણછોડનગરનાં સી.ઓ.પી. તથા ટી.પી. રસ્તામાં આવતું બાંધકામનું ડીમોલીશન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## આરોગ્ય વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગીય વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી. ખાટીવાલા તથા આસી. જંતુનાશક અધિકારીશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ નવા સમાવિષ્ટ વિસ્તાર ગોડાદરા સ્થિત ધીરજનગર સોસાયટી વિસ્તારમાં અગાઉ પ્રિમોન્સુન ભાગરૂપે ખુલ્લી ટાંકી ધરાવતા ૯૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર) ની કામગીરી

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં અડાજણ ટી.પી. સ્કીમ નં. ૧૨, ફા. પ્લોટ નં .૧૪૩ ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા અદ્યતન સ્પોટર્સ કોમ્પ્લેક્ષ તૈયાર કરવામાં આવેલ છે. જે સ્પોટર્સ કોમ્પ્લેક્ષમાં જુદી–જુદી રમતો આવેલ છે. જ રમતોમાં પ્રવેશ મેળવવા માટેના પ્રવેશ ફોર્મ રૂા. ૨૫/–(પચ્ચીસ પૂરા) ચુકવ્યેથી તા. ૧૬–૦૭–૦૯ થી તા. ૧૮–૦૭–૦૯ સુધી રાંદેર ઝોનનાં સ્પોટર્સ કોમ્પ્લેક્ષ પરથી સવારે ૧૧.૦૦ કલાક થી ૨.૦૦ કલાક તેમજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાક સુધી વિતરણ કરવામાં આવનાર છે તેમજ ભરેલ ફોર્મ તા. ૨૦–૦૭–૦૯ થી તા. ૨૨–૦૭–૦૯ દરમ્યાન સ્વીકારવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૮–૦૭–૦૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વર્ષાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૮–૦૭–૦૯ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે વર્ષાગીત સ્પર્ધાનું આયોજન "સ્કૂલ ચિલ્ડ્રન હોલ" ગંગેશ્વર મહાદેવ મંદિરની સામે, ગંગેશ્વર મહાદેવ રોડ, અડાજણ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં સુરત શહેરની હદ વિસ્તારમાં આવેલ પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ન. પ્રા. શાળા ક્રમાંક – ૧૪૨, સીલ્ક માર્કેટની સામે, મેમણ હોલની બાજુમાં, ચોકબજાર, સુરત ખાતેથી તા. ૨૩–૦૭–૦૯ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. આ સ્પર્ધાના પ્રવેશપત્રો આપવાની તથા સ્વીકારવાની અંતિમ તારીખ ૨૩–૦૭–૨૦૦૯ રાખવામાં આવી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.જે મુજબ તાઃ૧૧/૦૭/૨૦૦૯ ના રોજ સાઉથ ઝોનમાં શહેરી આરોગ્યકેન્દ્ર, સુરત ખાતે સવારે ૦૯—૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર તથા આસપાસ વિસ્તારના ૫૦૪ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૭૮,ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૭, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૩૫, બાળરોગ નિષ્ણાત દ્વારા ૩૮, ફિઝીશ્યન દ્વારા ૨૦૬ અને સર્જન દ્વારા ૪૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા ૨૬ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા. ૧૩ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૩૭ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષા શ્રીમતિ રંજનાબેન સરતાનપુરા, ઉધના ઝોનના મ્યુ. સદસ્યશ્રી રામપ્યારે શર્મા, શ્રીમતિ નયનાબેન નાયક, આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે. કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત દેસાઈ, નાયબ આરોગ્ય અધિકારી ડો. કલ્પેશ ખત્રી/ડો. એચ.સી. ભટ્ટ, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, પાંડેસરા / ઉધના શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં મર્હૂમ મ્યુનિ. સદસ્યશ્રી ચંપકભાઈ ભાણાભાઈ પટેલના દુઃખદ અવસાન નિમિત્તે બે મીનીટનું મૌન રાખી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવેલ હતી.

**Continue ...**

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે પ્રાસંગીક પ્રવચનમાં મ્યુનિ. સદસ્યશ્રી ચંપકભાઈ ભાણાભાઈ પટેલની સેવાઓને બિદાવી મહાનગરપાલિકા વતી શ્રધ્ધાંજલી અર્પી હતી. આરોગ્ય નિદાન કેમ્પના આયોજન કરવા બદલ સુરત મહાનગરપાલિકાનો આભાર વ્યકત કરી આ વિસ્તારના રહીશોને પોતાના ઘર આંગણે આરોગ્યલક્ષી સુવિધાઓ વિના મૂલ્યે મળી રહે તે માટે આવા કેમ્પોનુ આયોજન કરવામાં આવેલ છે જેનો લાભ લેવા તથા નિરોગી રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ઉન તથા આજુ બાજુ વિસ્તારના ૭૫૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૪૯,ચામડીના નિષ્ણાત દ્વારા ૧૨૦, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૫૨, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૨૫, ફિઝીશયન દ્વારા ૨૭૦ અને સર્જન દ્વારા ૩૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ. ટેકનીશીયન દ્વારા ૧૦ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા. ૧૫૫ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૮૨ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડઝ, ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૨૧૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૦૦૦ ઓરલ પીલ્સ ૨૫ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૧૫૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૩૫૩ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૨૪૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા જુદા જુદા વિસ્તારમાં રાખવામાં આવેલ કેમ્પોમાં ૨૭૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડાં હેંમત દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

TOP

## પૂર્વ ઝોન(વરાછા)ની કામગીરી

**સરથાણા જય રણછોડનગરનાં સી.ઓ.પી. તથા ટી.પી. રસ્તામાં આવતું બાંધકામનું ડીમોલીશન.**

પૂર્વઝોન (વરાછા) ઝોન વિસ્તારમાં નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ડ્રા. ટી.પી. સ્કીમ નં. ૨૧ (સરથાણા–સીમાડા), ફા. પલોટ નં. ૮૩, બ્લોક નં. ૪૩ માં જય રણછોડનગર સોસાયટી આવેલ છે. આ સોસાયટી ૨૦૦' નાં વરાછા મેઈન રોડ થી ખડસદ તરફ જતા રસ્તા પર આવેલ છે. આ સોસાયટીનાં લે આઉટ પ્લાન સુડા ધ્વારા સને ૨૦૦૩માં મંજુર થયેલ હતા. ડ્રા. ટી.પી. સ્કીમ મુજબ આ સોસાયટીમાં પૂર્વેથી ૧૨.૦ મી.નો ટી.પી. રોડ સુચિત થયેલ હતા. મંજુર પ્લાન મુજબનાં સી.ઓ.પીમાં ૬.૫૦ × ૧૧.૭૦ મી. માપ વિસ્તારની ૭(સાત) પ્લીન્થ તથા ૬.૫૦ ×૧૧.૭૦ મી. માપ વિસ્તારના (બે) ગાળાનું સ્લેબ લેવલ સુધીનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હતું તેમજ ૧૨.૦ મી.ના ટી.પી. રસ્તાની અસરમાં આવેલ એક ગાળાનું ૩.૦ × ૧૧.૭૦ મી. માપ વિસ્તારનું પ્રથમ માળનાં સ્લેબ લેવલ સુધીનું બાંધકામ કરવામાં આવેલ હતું. સદર અનઅધિકૃત બાંધકામ દૂર કરવા મિલ્કતદારોને મનાઈ હુકમ તથા શો કોઝ નોટિસ પાઠવવામાં આવેલ હતી. તેમ છતાં સ્થળ ઉપર બાંધકામ ચાલુ રાખવામાં આવતા સદર અનઅધિકૃત બાંધકામ દૂર કરી આશરે ૭૩૦૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ કાર્યવાહી પૂર્વઝોન(વરાછા)નાં શહર વિકાસ/ દબાણ ખાતાનાં સ્ટાફનાં સહયોગથી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## આરોગ્ય વિભાગની કામગીરી

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગીય વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી એ.જી. ખાટીવાલા તથા આસી. જંતુનાશક અધિકારીશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ નવા સમાવિષ્ટ વિસ્તાર ગોડાદરા સ્થિત ધીરજનગર સોસાયટી વિસ્તારમાં અગાઉ પ્રિમોન્સુન ભાગરૂપે ખુલ્લી ટાંકી ધરાવતા ૯૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ, જે ઝુંબેશ ના ભાગ રૂપે ધીરજ નગર સોસા. વિસ્તારની ખુલ્લી ટાંકી ઈસમોના ઘરમાં તપાસ કરાવતા કુલ–૭૫ , ઈસમોએ પાંણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણવડે બંધ ન કરતા તા. ૧૫–૦૭–૨૦૦૯, ના રોજ ટાંકીઓ તોડી નાખવામાં આવેલ તેમજ કુલ–૩૪, ઈસમો પાસેથી રૂા. ૧૯૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ, અને અન્ય–૧૦, ઈસમોને કોર્ટમાં કોર્ટ કેસ કરવામાં આવેલ. તેમજ આ વિસ્તારોમાંથી ટાયરો, કેરબા, ભંગાર કે જેમાં ચોમાસા દરમ્યાન વરસાદમાં પાણી ભરાય તેવા અગાશી ઉપર રાખવામાં આવેલ મચ્છરના ઉત્પતિ સ્થાનો દુર કરવામાં આવેલ, તેમજ જનજાગૃતિ ભાગરૂપે વિસ્તારમાં પેમ્પલેટ નંગ–૧૨૦૦, વિતરણ કરવામાં આવેલ. તેમજ બાંધકામના ઓર્ગેનઈજરોને કે, જેમાં મચ્છરની ઉત્પત્તિ નિર્માણ થાય તેવી પરિસ્થિતિ જન્ય ઋષિવિહાર બાંધકામના બિલ્ડર પાસે રૂા. ૨૫૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે. તેમજ નવા સામવિષ્ટ વિસ્તારોમાં અગામી દિવસોમાં પાણીની ટાંકી હવાચુસ્ત ઢાંકણ રાખવામાં આવશે તેમજ ધાબા ઉપર પાણી ભરાયેલ માલુમ પડશે તો તેવા તમામ વિસ્તારોમાં પાણીના કનેકશન તેમજ ખુલ્લી ટાંકીઓ તોડી નાખવા સુધીની કાર્યવાહી હાથ ધરનાર છે.

આથી જાહેર જનતાની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તે મુજબ તમારા ઘરે આવતા આરોગ્ય વિભાગના કર્મચારીને પુરતા સહકાર આપી તેઓની સુચના મુજબ અમલવારી કરવા જાહેર જનતાને અનુરોધ કરવામાં આવે છે.

TOP